**ક્રિ.કેસ નં.૭૮૦૨૬/૧૭**

**આંક–૧ લગત હુકમ :–**

**૧) સદર કામમાં આરોપી સામે કોન્ટ્રેકટ મજુર અધિનિયમ–૧૯૭૦ મુજબના ગુનાનો આક્ષેપ છે અને સદર કામમાં આરોપીને ફરીયાદપક્ષના પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પુરી પાડવામાં આવેલ છે. આજરોજ પોકાર કરતાં આરોપી હાજર છે અને તેઓ ગુન્હો કબુલ કરતાં હોવાનું જણાવે છે અને તે સાથે ગુનાની કબુલાત પુરસીસ આપેલ છે તે સંજોગોમાં આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતા હોય જેથી આરોપીને સદર ગુન્હામાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવું છું અને આરોપીને રૂપિયા ૧૦૦૦/–(અંકે રુપીયા એક હજાર પુરા)નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ ફરમાવું છું. આરોપી જો દંડ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવું છું.**

**અમદાવાદ.**

**તા.૧–૨–૨૦૧૮.** **(એ.એ.વાયડા)**

**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**

**કોર્ટ નં.૬, અમદાવાદ.**

**કોડ નં. જીજે ૦૦૯૮૬**